કામગીરી મુલ્યાંકન અહેવાલ (PAR
લખવા અંગેની સત્તાઓ સોંપવા
બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૯/૧૭૬૬/બ-૧,
સચિવાલય,ગાંધીનગર.
તા.૩૧/૦૫/૨૦૧૯.

વંચાણે લીધા :- કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીની સીંગલ ફાઇલથી મળેલ દરખાસ્ત.

**: પ રિ પ ત્ર :**

આમુખમાં દર્શાવેલ સીંગલ ફાઇલથી વિભાગીય નાયબ નિયામક વર્ગ-૧, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧, બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ અને મુખ્ય સેવિકા વર્ગ-૩ના કામગીરી મુલ્યાંકન અહેવાલ (PAR) લખનાર અધિકારી તથા સમીક્ષા કરનાર અધિકારીઓની સત્તા સોંપવા અંગે દરખાસ્ત કરેલ હતી, વધુમાં વિભાગ કક્ષાએ વર્ગ-૧ના એક અધિકારીને અને કમિશ્નરશ્રીની કચેરી કક્ષાએ વર્ગ-૧ અને વર્ગ-૨ના એક એક અધિકારીને વર્ગ-૧ અને વર્ગ-૨ના વિભાગ હેઠળના અધિકારીઓના સંવર્ગ સંચાલકશ્રી (CCA) તરીકે નિમવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(૧) સુશ્રી અંકિતા ક્રિશ્ચિયન, ઉપસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) શ્રી જે.એમ.શેલોત, મદદનીશ નિયામકશ્રી, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦- ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) સુશ્રી પ્રીતીબેન પટેલ, બાળ વિકાસ યોજના અધિકારી, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦- ડો. જીવારાજ મહેતા ભવન,ગાંધીનગર.

અધિકારી/કર્મચારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખનાર અને સમીક્ષક સત્તાધિકારીની સત્તા નીચે મુજબ સોંપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | અહેવાલ લખનાર સત્તાધિકારી | સમીક્ષક સત્તાધિકારી |
|---|---|---|---|
| ૧ | વિભાગીય નાયબ નિયામક વર્ગ-૧ | નિયામકશ્રી(આઇસીડીએસ) | સચિવશ્રી(મ.બા.વિ.વિ.) |
| ૨ | પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | નિયામકશ્રી(આઇસીડીએસ) |
| 3 | બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ | પ્રોગ્રામ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી |
| ૪ | મુખ્ય સેવિકા,વર્ગ-3 | બાળ વિકાસ યોજના અધિકારી | જિલ્લા પ્રોગ્રામ અધિકારી |

આમ ઉકત બાબતે SATHI સોફટવેર અંતર્ગત ઓનલાઇન અહેવાલ ભરવાના થતાં હોઇ મુખ્ય સેવિકા સિવાયના સંવર્ગના અધિકારીઓના કામગીરી મુલ્યાંકન અહેવાલ ઓનલાઇન જનરેટ કરવાની જવાબદારી સંવર્ગ સંચાલકની રહે છે.

આ પરિપત્ર વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર વિભાગના સચિવશ્રી દ્વારા તા.૨૭/૦૫/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૨) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૩) વિભાગ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓ,
(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી,અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ,ભાવનગર,જૂનાગઢ,જામનગર.
(૫) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી, જિ.
(૬) વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ.
(૭) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રીઓ,જિલ્લા પંચાયત કચેરી, તથા મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીઓ
(૮) તમામ બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ,
(૯) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
(૧૦) શાખા સિલેકટ ફાઇલ.